સમાજ સુરક્ષા ખાતાની દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના કર્મચારીનું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
હુકમ ક્રમાંક:- SJED/AWR/e-file/17/2025/2676/CHH,
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૫/૨૦૨૬.

વંચાણે લીધા:-

(૧) નામદાર હાઈકોર્ટની એસ.સી.એ.નં. ૨૧૧૧૩/૨૦૨૨ના તા.૦૪/૦૪/૨૦૨૪, નો ચુકાદો.

(૨) નાણાં વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૫/મ.

(૩) નાણાં વિભાગનો તા.૧૪/૦૮/૧૯૯૮ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૯૮/૪૧/મ.

(૪) નાણાં વિભાગનો તા.૦૨/૦૭/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ.

(૫) નાણાં વિભાગનો તા.૧૮/૦૨/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૦૯-૫૬/પ.એ.(મ).

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૦૭/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક:અપગ/૧૦/ ૨૦૨૦/૩૨૩૦૬૮/છ.૧

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૮/૧૧/૨૦૨૪ નો પત્ર ક્રમાંક: SJED/COC/CourtCase/17/2022/3220/CHH-1.

(૮) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૧૮/૧૧/૨૦૨૫ નો પત્ર નં.DSD/0229/11/2025.

હુકમ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરની પીટીશનના નામ. હાઈકોર્ટના ચુકાદા અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૭) ઉપરના વિભાગના પત્રથી આ પીટીશનના પીટીશનર ગ્રાન્ટ ઈન એઇડ સ્વૈચ્છિક સંસ્થાઓના આચાર્ય ,મદદનીશ શિક્ષકો, ઓડિયોલોજીસ્ટ, ફિઝિયોથેરાપીસ્ટ, મોબીલીટી ઇન્સ્ટ્રક્ટર, ઓક્યુપેશનલ થેરાપીસ્ટ / કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૬) ઉપરના વિભાગના ઠરાવ અન્વયે વર્ગ-૨ સંવર્ગનું ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા બાબતે ખાતાકીય બઢતી સમિતિની ફાઇલ પર સર્ક્યુલેશનથી મેળવેલ મંજૂરી અન્વયેની કાર્યવાહી નોંધ નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૮) ઉપરના પત્રથી અત્રે મોકલી આપેલ છે, જે મુજબ નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) તેમજ નાણા વિભાગના ઉચ્ચતર પગાર ધોરણના વખતો-વખતના ઠરાવોની અનુસૂચિ-૧ મુજબનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે સ્પષ્ટતા / શરતો સાથે મંજૂર કરવાનું રહે છે, જે મુજબ નીચેના કોષ્ટકમાં દર્શાવેલ ૧(એક) કર્મચારીનું તેઓના નામ સામે દર્શાવેલ કોલમ (૪) મુજબ કોલમ (૫) માં દર્શાવેલ તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ આથી મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | કર્મચારીનું નામ અને હોદ્દો | મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણ | પગાર ધોરણ | ઉચ્ચતર પગાર ધોરણ ક્યારથી મળવાપાત્ર /રીમાર્ક્સ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | શ્રી પ્રેમચંદભાઇ બી. શ્રીમાળી<br>મદદનીશ શિક્ષક | દ્વિતીય | ૬૫૦૦-૧૦૫૦૦ | તા.૨૫/૧૧/૨૦૦૧ |

વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) પરના તેમજ વખતો-વખતના નાણા વિભાગના ઠરાવોની જોગવાઈને આધીન રહીને પગાર બાંધણી અંગેના વિધિસરના હુકમો નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરે કરવાના રહેશે.

ઉક્ત કર્મચારીઓ પાસેથી "તેઓને મળેલ ઉચ્ચતર પગાર ધોરણ, જો પગાર બાંધણી વખતે કે ત્યારબાદ વધું રકમનું ચુકવણું થયેલ હોવાનું જણાશે, તો તે ચુકવણું પરત કરશે" તે મુજબની લેખિત બાંહેધરી લેવાની રહેશે.

ઉક્ત ગ્રાન્ટ ઈન એઈડના કર્મચારીઓ સરકારી કર્મચારીઓ જેવા જ લાભો મેળવતા હોઈ, સરકારી કર્મચારીઓને લાગુ પડતાં સેવા વિષયક નિયમો જેવા કે, શિસ્ત અને અપીલ નિયમો, બદલી, રજા, ખાનગી અહેવાલો તથા અન્ય નિયમો સરકારશ્રી નક્કી કરે તે પ્રમાણે બંધનકર્તા રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જીગર પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- સંબંધિત કર્મચારી ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by: Jigar Patel
Section Officer
Date:2026.05.16
11:49:44 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign